**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૯ માર્ચ ૨૦૦૯**

## શ્રી રામ નાઈક નાં કાર્યવૃત્તનું રવિવારે પ્રકાશન

**મુંબઈ,ગુરૂવાર :** ભાજપ નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈક નાં વાર્ષિક કાર્યવૃત્તનું પ્રકાશન શિવસેના નેતા અને સાંસદ શ્રી મનોહર જોષીનાં હસ્તે આવતાં રવિવારે કરવામાં આવશે,આ મુજબની માહિતી ભારતીય જનતા પક્ષ -ઉત્તર મુંબઈનાં જીલ્હાધ્યક્ષ શ્રી યોગેશ સાગરે આજે બહાર પાડેલ અખબારી યાદીમાં આપેલ છે.

વધુ માહિતી્પતાં શ્રી યોગેશ સાગરે કહ્યું હતું કે જનપ્રતિનિધી તરીકે પહેલી વખત ચૂંટાઈ આવ્યાં ત્યારથી શ્રી રામ નાઈક સતત મતદારોને, તેઓ કરી રહેલાં કામો ની માહિતી વાર્ષિક અહેવાલ નાં માધ્યમથી આપતાં આવ્યાં છે.લોકશાહીની આ પરંપરા ગઈ ચૂંટણી નાં વિપરીત પરિણામો આવ્યાં છતાં તેમણે પાછલાં ચાર વર્ષ થી અખંડ રાખેલ છે.ભારતીય જનતા પક્ષ અને શિવસેના કાર્યકર્તાઓની ઉપસ્થિતીમાં ૧૪ મી લોકસભા ના સમયખંડમાંનો આખરનો અહેવાલ હવે તેઓ પ્રસિધ્ધ કરવાનાં છે.

રવિવાર, ૨૨ માર્ચ ૨૦૦૯નાં સાંજે ૬ વાગ્યે તેરાપંથ ભવન,કેમ્ચીજ સ્કૂલની સામે,ઠાકૂર કોમ્પ્લેક્ષ,કાંદિવલી પૂર્વ ખાતે શિવસેના નેતા અને સાંસદ શ્રી મનોહર જોષી ના હસ્તે ઉકત અહેવાલ નું પ્રકાશન થશે અને ભાજપનાં રાષ્ટ્રિય પ્રવકતા શ્રી રવિશંકર પ્રસાદ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન ભાજપ મુંબઈનાં અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી એ સ્વિકારેલ છે, અને મેયર ડૉ.શુભા રાઉળ કાર્યક્રમનાં વિશેષ અતિથી ની રૂએ રહેશે.ધારસભ્ય શ્રી ગજાનન કીર્તિકર,ડે.મેયર શ્રી વિનોદ ઘેડિયા અને શિવસેના વિભાગ પ્રમુખ શ્રી વિનોદ ઘોસાળકર સન્માનનીય અતિથી તરી આ કાર્યક્રમમાં હાજર રહેશે.

ઉકત કાર્યક્રમમાં નાગરિકોએ પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવું એ મુજબનું આવાહ્ન શ્રી યોગેશ સાગરે કરેલ છે.

**(કાર્યાલય સચિવ)**